# પ્રેસનોટ

## ઘરફોડ ચોરીના આરોપીને તાત્કાલિક અસરથી પકડી પાડતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અ'વાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ સા. તથા ના.પો.કમિશ્રી ઝોન-૪,અ'વાદ શહેર તથા મ.પો.કમિશ્રી "જી" ડીવિઝન સાહેબ નાઓની સુચના મુજબ પો.ઇન્સ.શ્રી કે.સી.રાઠવા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તથા બનતા ગુના અટકાવવા સારૂં સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઈન્સ.શ્રી ડી.બી.પ્રજાપતિ તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન આંબાવાડી ચાર રસ્તા પાસે આવતાં સાથેના અ.પો.કો.અલ્પેશસિંહ ભવાનસિંહ તથા અ.લો.ર. કેતનકુમાર ગોવિંદભાઈ તથા અ.પો.કો.મહેન્દ્રસિંહ મુળુભા બકલ નંબર ૧૦૧૨૭ નાઓની ખાનગી બાતમી આધારે એક ઈસમ નામે-સુરેશ ઉર્ફે ડોશી ડાહ્યાભાઈ જાતે.ગોહીલ ઉ.વ.૨૭ રહે- મ.નં.૨૪૯, રમેશદત્ત કોલોની, રવિ પેટ્રોલ પંપની સામે, ભીલવાસ સરદારનગર અમદાવાદ શહેર નાને રોકી લઈ અંગઝડતી તપાસ કરતાં એક સોનાની ચેઈન મળી આવેલ જે સોનાની ચેઈન બાબતે પુછતાં તેણે આંબાવાડી લાયબ્રેરી પાછળના ભાગે આવેલ એક મકાનમાં લોક લાગેલ જે લોક તોડી સદર મકાનમાંથી તેણે આ સોનાની ચેઈન તિજોરીમાંથી ચોરી કરેલ આ વખતે ઘર માલિક આવી જતાં પોતે સોનાની ચેઈન તથા બીજા દાગીના તથા રોકડ રકમ થેલીમાં ભરી નાસી ગયેલ હોવાની કબુલાત કરે છે જે બાબતે તપાસ કરતાં એરપોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૯/૨૦૧૯ ધી ઈ.પી.કો.કલમ-૪૫૭,૩૮૦ મુજબનો ગુનો નોંધાયેલ હોય જેથી સદરી આરોપીને તા.૧૧/૦૮/૨૦૧૯ ના કલાક:૧૮/30 વાગે અટક કરી ચોરીએ ગયેલ મુદ્દામાલ સોનાની ચેઈન પંચનામા વિગતે કબ્જે કરી ગુનો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે.

